# મલ્ટીમીડિયા આર્ટિસ્ટ

મલ્ટીમીડિયા ડિઝાઈનર્સ વેબ, ટેલિવિઝન, ફિલ્મો અને વિડીયો ગેમ્સ સહિત વિવિધ માધ્યમો માટે ચિત્રો અને માહિતીનું રસપ્રદ પ્રસ્તુતિકરણ તૈયાર કરે છે. સામાન્ય રીતે મલ્ટિમીડિયા ડિઝાઈનર્સને કલાના વિષયમાં ઉંડી સમજની આવશ્યકતા રહે છે, પછી ભલે તેઓ ઉચ્ચ-તકનીકી ક્ષેત્રમાં કામ કરે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને કલાત્મક વ્યવસાયોમાં રૂચિ ધરાવો છો
- તમે કમ્પ્યૂટર પર સારી રીતે કામ કરી શકો છો
- તમે ટીમમાં કામ કરવામાં સહજ છો
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપવાનું પસંદ કરો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે
**રૂ. ૩૦,૦૦૦ થી ૪,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. મલ્ટિમીડિયા ડિઝાઈન/કોમ્યુનિકેશનમાં ડિઝાઈનમાં સ્નાતક (B.Design)ની ડિગ્રી મેળવો અને તે જ વિષયમાં અનુસ્નાતક (M.Design)ની ડિગ્રી પ્રાપ્ત કરો.

**અથવા**

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત).

૨. મલ્ટીમીડિયા ડિઝાઈન/એનિમેશનમાં સ્નાતક (B.Design)ની ડિગ્રી મેળવો અને તે જ વિષયમાં અનુસ્નાતક (M.Design)ની ડિગ્રી પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

મલ્ટિમીડિયા ડિઝાઈનરનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૯,૦૦૦ થી ૮૪,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત:https://www.payscale.com/research/IN/Job=Multimedia_Designer/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** મનોરંજન ઉદ્યોગ, ડિઝાઈન ફર્મ્સ .

**ઉદ્યોગ સાહસિકતા:** તમે તમારો પોતાનો ખાનગી વ્યવસાય પણ શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમમાં કામ કરવું પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી/આસિસ્ટન્ટ વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડિઝાઈનર → વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડિઝાઈનર → સિનિયર વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડિઝાઈનર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

સ્પેશિયલ ઈફેક્ટ ડિઝાઈનર, મલ્ટીમીડિયા ટેકનિશિયન, મલ્ટીમીડિયા ડિઝાઈનર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ડિઝાઈન વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.**
સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. અલખ પ્રકાશ ગોયલ શિમલા યુનિવર્સિટી, શિમલા
૨. સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, કોકરાઝાર, આસામ
૩. ઔદ્યોગિક ડિઝાઈન કેન્દ્ર, આઈ.આઈ.ટી. મુંબઈ
૪. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, આસામ
૫. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, મધ્ય પ્રદેશ
૬. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન, હરિયાણા
૭. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, આંધ્ર પ્રદેશ
૮. આસામ વિજ્ઞાન અને ટેકનોલોજી યુનિવર્સિટી, ગુવાહાટી

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે સંસ્થા UGC અને AICTE સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. ચિત્કારા યુનિવર્સિટી, પટિયાલા
૨. ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ડિઝાઈન, ગાંધીનગર
૩. ડી જે એકેડમી ઓફ ડિઝાઈન, કોઈમ્બતુર
૪. હિન્દુસ્તાન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ, ચેન્નાઈ
૫. ભારતીય કલા અને ડિઝાઈન સંસ્થાન, નવી દિલ્હી
૬. ભારતીય હસ્તકલા અને ડિઝાઈન સંસ્થા, જયપુર
૭. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૮. સિમ્બાયોસિસ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, પુણે

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.swayam2.ac.in/ntr20_ed15/preview/
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- www.skillindiadigital.gov.in

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**દશરથ પટેલ** (જન્મ ૧૯૨૭, ગુજરાતમાં) ભારતના પ્રથમ મલ્ટી-મીડિયા ડિઝાઈનરો પૈકીના એક છે. તેમની ડિઝાઈન દ્રષ્ટી ભારતીય સંસ્કૃતિના ઘણા પાસાઓને ઊજાગર કરવાનો પ્રયાસ કરે છે. પટેલે ગવર્નમેન્ટ કોલેજ ઓફ ફાઈન આર્ટસ, ચેન્નાઈમાં ફાઈન આર્ટનો અભ્યાસ કર્યો હતો. ત્યાર પછી તેણે પેરિસના ઈકોલે ડેસ બ્યુક્સ-આર્ટ્સમાં પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસ દરમિયાન પેઈન્ટિંગ, શિલ્પ અને સિરામિક્સનો અભ્યાસ કર્યો. શ્રી પટેલ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન (એન.આઈ.ડી.), અમદાવાદના સ્થાપક સચિવ હતા. ડિઝાઈનમાં તેમના યોગદાન બદલ ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧માં તેમને પદ્મ ભૂષણ અને ૧૯૮૦માં પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા.*

સ્રોત:https://design.careers360.com/articles/most-popular-indian-graphic-designers/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.